ગાંધીનગર સમાચાર

સેક્ટર-૫માં વરસાદી સમસ્યા નિવારવા વસાહતી મંડળની માંગ

# સાયન્સ ઈન્ડિયા ફોરમના ૪૦ વિદ્યાર્થીઓ નિસર્ગની મુલાકાતે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સે-૨૩ ખાતેના નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરની મુલાકાતે આજે સાયન્સ ઈન્ડિયા ફોરમ કતારના ૪૦ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો આવ્યા હતા. આ વિદ્યાર્થીઓએ સાયન્સ સેન્ટરના મ્યુઝિયમ તથા લાયબ્રેરીની મુલાકાત લીધી હતી.

સાયન્સ ઈન્ડિયા ફોરમ-કતાર એ વિજ્ઞાન પ્રત્યે રસ ધરાવતા વિદ્યાર્થીને પ્લેટફોર્મ પુરું પાડવાનું કામ કરે છે. વર્ષ ૨૦૦૬માં સ્થપાયેલ આ ફોરમ ભારતીય વિદ્યાર્થીઓ વિજ્ઞાન તથા ટેકનોલોજીમાં વધુને વધુ સંશોધન કરે તે હેતુથી આ સંસ્થા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરે છે. આ સંસ્થા સ્ટુડન્ટ એકસચેન્જ પ્રોગ્રામ હેઠળ સમગ્ર ભારતના જુદા જુદા રાજયોમાંથી વિજ્ઞાન-ટેકનોલોજી ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ એકસચેન્જ પ્રોગ્રામ હેઠળ કતાર ખાતે અભ્યાસની તક પુરી પાડે છે. એસઆઈએફ કતાર દ્વારા દેશની પ્રતિષ્ઠિત શાળાઓ જેવી કે બિરલા પબ્લિક સ્કુલ, દિલ્હી પબ્લિક સ્કુલ, એમઈએસ પબ્લિક સ્કૂલ, ભવન્સ સ્કૂલ વગેરેના વિજ્ઞાનમાં રૂચિ ધરાવતા ૪૦ વિદ્યાર્થીઓ અને શિક્ષકો નિસર્ગ સાયન્સ સેન્ટરની મુલાકાતે આવ્યા હતાં.




આ ટીમમાં એસઆઈએફ-કતારના ચેરમેન મનોજ પિલ્લાઈ, વાઈસ ચેરમેન ડી.કે. વર્મા, સેક્રેટરી શ્રી દેવી ઉપસ્થિત રહ્યા હતા. નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડો. અનિલભાઈ પટેલે વિદ્યાર્થીઓની ટીમને સાયન્સ સેન્ટર અંતર્ગત હાથ ધરાતી પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ સાથે વિદ્યાર્થીઓએ સાયન્સ સેન્ટરના મ્યુઝિયમની મુલાકાત લઈ ત્યાં રખાયેલા વિવિધ મોડેલ્સ નિહાળ્યા હતા. વિદ્યાર્થીઓને મોડેલ્સ અંગેના વૈજ્ઞાનિક નિયમોની સમજૂતિ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ સાયન્સ લાયબ્રેરીની પણ મુલાકાત લઈ વિજ્ઞાનના પુસ્તકો, સામયિકો વગેરે અંગે માહિતી મેળવી હતી. વિદ્યાર્થીઓને સાયન્સ સેન્ટર દ્વારા ચલાવાતી સન્ડે સાયન્સ સ્કુલની પ્રવૃત્તિ અંગે પણ માહિતગાર કરાયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કો ઓર્ડિનેટર હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

## @ગાંધીનગર

● નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગર દ્વારા સાંજે ૫.૦૦ થી ૫.૪૫ કલાક દરમિયાન માટી ચિકિત્સા પધ્ધતિથી સારવાર કરાશે. આ ઉપરાંત આહાર એ જ ઔષધ તથા આહાર અને યોગ સાથે કુદરતી જીવન શૈલી અનુસાર સ્વાસ્થ્ય જાળવણી અંગે સાંજે ૬.૦૦ કલાકે ડો. અનિલભાઈ ઉનાકર વકતવ્ય આપશે.

## વાતવાતમાં

● શહેરમાં વરસાદી માહોલ બરાબર જામ્યો છે. આ વરસાદી માહોલના પગલે તંત્રના કેટલાક અધિકારીઓ સેકટરમાં કયા કયાં પાણીનો ભરાવો થાય છે તેનો સર્વે કરવા નીકળ્યા હતાં.

● વરસાદી માહોલમાં શહેરમાં દાળવડા-ભજીયા જેવી ચટાકેદાર વાનગીઓ બનાવતા વેપારીઓને ત્યાં તડકો પડી ગયો હતો અને બપોર સુધીમાં તો તમામ માલ વેચાઈ જવા પામ્યો હતો. આ સાથે ઈન્ટરનેટ પર પણ વરસાદી માહોલમાં ખવાતી વાનગીઓ અંગે સૌથી વધુ સર્ચ થવા પામ્યું હતું.

● વરસાદની ઋતુ જામતા જ કીટકો અને જીવડાઓની સંખ્યામાં અનેક ગણો વધારો થઈ જવા પામ્યો છે. સાંજના સમયથી તમરા વગેરે જેવા જંતુઓના લયબધ્ધ અવાજો શરૂ થઈ જતા અલગ પ્રકારના માહોલનો અનુભવ થઈ રહ્યો છે.

● ગાંધીનગરના મુખ્ય સર્કલો તથા શોપીંગ સેન્ટરોમાં લગાડવામાં આવેલ પબ્લિક એનાઉન્સમેન્ટ સીસ્ટમમાં સંગીતમય ગીતો-ભજનો વગાડવામાં આવી રહ્યા છે. વહેલી સવારે આ સીસ્ટમ પર વાગતા ભકિત સંગીતના કારણે સવારનો માહોલ વધુ આનંદમય બની રહે છે.

## સે-૧૫ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરાઈ

ગાંધીનગર, તા.૧૨

સેકટર-૧૫ સ્થિત ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગાંધીનગર ખાતે ઓગષ્ટ ૨૦૧૬ના નવા સત્ર માટે સંસ્થા કક્ષાએ રૂબરૂ મુલાકાત અને પ્રવેશ આપવા અંગેની કાર્યવાહી કાર્યરત છે. આગામી તા.૧૭ જુલાઈના સુધી રોજ સવારના ૮.૦૦થી ૬.૦૦ કલાક દરમિયાન પ્રવેશની કાર્યવાહી કરવામાં આવશે. આ અંગેની જાણ તમામ ઉમેદવારોને એસએમએસથી કરવામાં આવી છે. અને સંસ્થામાં મુકેલ મેરીટ લીસ્ટ મુજબ તમામ ઉમેદવારોએ જરૂરી પ્રમાણપત્રો અને ભરવાપાત્ર જરૂરી ફીના નાણા સાથે સમયસર હાજર રહેવા જણાવાયું છે.

## રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા પદગ્રહણ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૫મી જુલાઈને શુક્રવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે પદગ્રહણ સમારોહ અને ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદગ્રહણ સમારોહમાં વર્ષ ૨૦૧૬-૧૭ના રોટરી કલબના હોદ્દેદારો પદગ્રહણ કરશે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ડીસ્ટ્રીકટ ગર્વનર દીનેશકુમાર ઠાકર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદી, સ્ટેટ ઈન્ફર્મેશન કમિશનર વસંતભાઈ ગઢવી, પૂર્વ ડીસ્ટ્રીકટ ગર્વનર જગદીશ પટેલ અને આસીસ્ટન્ટ ડીસ્ટ્રીકટ ગર્વનર સમીર ત્રિવેદી ઉપસ્થિત રહેશે.

રોટરી કલબના પ્રમુખ તરીકે એન.પી. પટેલ, સેક્રેટરી તરીકે ડૉ. દીપક બારોટ પદગ્રહણ કરશે તેમજ બોર્ડ ઓફ ડાયરેકટર તરીકે યોગશ પટેલ, પીયુષ દવે, દિલિપ પટેલ, એચ.એમ. પટેલ, અલ્કા પટેલ, જગદીશસિંહ મુલતાની, વલ્લભભાઈ દેસાઈ, ઉર્મિલ વેદ, હરેશ ભટ્ટ, મહેન્દ્રભાઈ ભાવસાર, આશિષ પટેલ, રાહુલ મહેતા, રાકેશ પારેખ, દીપક મહેતા, નિતિન વાઘેલા, ચૈતન્ય શુકલા, કમલ જૈન, જશવંત ગાંધી, આલોક ગુપ્તા, પ્રજ્ઞેશ પટેલ, નીલ ઉપાધ્યાય, કેયુર શાહ, મેહુલ મેહતા, કિરણ પટેલ, કેતન મેહતા, જીતેન્દ્ર પટેલ સહિતના સભ્યો પદગ્રહણ કરશે.

# ખોરજ ખોડીયાર રેલવે ટ્રેક પર પ્રૌઢ લપસી પડતા સુપર ફાસ્ટ ટ્રેન નીચે આવી ગયા

**વરસાદમાં બપોરે પ્રૌઢ સ્લીપર પહેરીને ટ્રેક ક્રોસ કરી રહ્યા હતા ત્યારે અચાનક પગ લપસી જતા પડી ગયા : ભાઈના ઘરે રેલવે કોલોનીમાં જઈ રહ્યા હતા : સારવાર દરમિયાન મૃત્યુ**

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક ખોરજ ખોડીયાર રેલવે સ્ટેશન નજીક આજે બપોરના અરસામાં હૃદયદ્રાવક ઘટના બનવા પામી હતી. જામ ખંભાળીયાથી ખોરજ ખોડીયાર રેલવે કોલોનીમાં રહેતા સગા ભાઈના ઘરે બે દિવસ રહેવા આવેલા ૫૭ વર્ષીય પ્રૌઢ આજે બપોરે ભાઈના ઘરે જવા માટે રેલવે ટ્રેક ક્રોસ કરી રહ્યા હતા ત્યારે પગ લપસી જતા પડી ગયા હતા અને સડસડાટ આવતી સુપર ફાસ્ટ ટ્રેને અડફેટે લઈ લેતા પ્રૌઢનું કમકમાટી ભર્યું મૃત્યુ નિપજયું હતું. આ મામલે રેલવે પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ જામખંભાળીયા ખાતે રહેતા અને રેલવે વિભાગમાંથી વીઆરએસ લઈ નિવૃત્ત જીવન ગાળતા ૫૭ વર્ષીય બકુજી ભીખાજી ઝાલા બે દિવસથી તેના સગા ભાઈના ઘરે ખોરજ ખોડીયાર રેલવે કોલોની ખાતે રહેવા આવ્યા હતા. આજે બપોરે બકુજી ચાલતા રેલવે સ્ટેશન તરફ ગયા હતા અને પરત ફરી રહ્યા હતા ત્યારે વરસાદ ચાલુ હતો. પગે સ્લીપર પહેરેલા હતા. રેલવે ટ્રેક ક્રોસ કરવા ગયા ત્યારે સ્લીપરમાંથી પગ લપસી જતા બકુજી રેલવે ટ્રેક પર પડી ગયા હતા અને ધસમસતી આવતી સુપરફાસ્ટ ટ્રેન તેમના પરથી પસાર થઈ ગઈ હતી. બકુજીને બંને પગ કપાઈ ગયેલી હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમના ભાઈ અને ભત્રીજો ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ ગયા હતા જો કે તેમનું પ્રાણપંખેરું ઉડી જવા પામ્યું હતું. રેલવે પોલીસે આ મામલે ગુનો નોંધી ગુનાની તપાસ શરુ કરી છે.

## સોનારડા ગામમાં જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક સોનારડા ગામમાં આજે બપોરે ખુલ્લેઆમ કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમીને આધારે ડભોડા પોલીસે દરોડો પાડયો હતો. પોલીસે દરોડો પાડીને પાંચ જુગારીઓને જુગાર રમતા રંગે હાથ પકડી પાડયા હતા. જો કે તેમની પાસેથી માત્ર રૂ. ૬૦૦ના રોકડ મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે પાંચેયની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન.એમ. ચૌધરી તથા તેમની ટીમે આજે બપોરના અરસામાં સોનારડા ગામમાં દરોડો પાડયો હતો. ચોકકસ બાતમીને આધારે બાતમીવાળા સ્થળે રેડ કરતા ખુલ્લેઆમ રમાઈ રહેલા જુગારના સ્થળે જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી.પોલીસે કોર્ડન કરીને પાંચ શખ્સોની ધરપકડ કરી લીધી હતી. મગનજીના વાસમાં ખુલ્લેઆમ જુગાર રમી રહેલા લાલજી બેચર ઠાકોર, મુકેશ ઠાકોર, સોમા ભુપત ઠાકોર, રાવજી સોના ઠાકોર અને કેશા કાના ઠાકોર મળીને પાંચ શખ્સોની રોકડ રૂ. ૬૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે કાર્યરત ત્રિકોણીયા લારી ગલ્લા બજારના વેપારીઓ દ્વારા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞમાં વેપારીઓએ ઉત્સાહભેર ભાગ લઈ યજ્ઞ-પૂજામાં ભાગ લીધો હતો. ગાંધીનગર શહેરમાં યોગ્ય વરસાદ વરસે તે માટે વેપારીઓ દ્વારા હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. હવનમાં અન્ય વેપારીઓએ પણ હાજર રહીને દર્શનનો લાભ મેળવી ધન્યતા અનુભવી હતી.



# સેકટર-૫માં વરસાદી સમસ્યા નિવારવા વસાહત મંડળની માંગ

ગાંધીનગર, તા.૧૨

સેકટર-૫ વસાહત મંડળની સામાન્ય સભા રવિવારના રોજ સેકટર-૫ના જાહેર બગીચા ખાતે મળી હતી. આ સભામાં સેકટર-૫-એ,બી, સીના સર્વે વસાહતીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને સેકટરમાં સરકારી દવાખાનું ચાલુ કરવા, જંગલખાતા દ્વારા જાહેર રોડ પર નમી ગયેલા વૃક્ષો કાપવા, જાહેર રોડની સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવી, સેકટરમાં ગાય, ભેંસો અને કૂતરાઓનો મોટા પ્રમાણમાં ત્રાસ છે જેના કારણે જીવલેણ અકસ્માત સર્જાય છે જેવા અનેક પડતર પ્રશ્નોની ચર્ચા વિચારણા કરી હતી. આ ઉપરાંત ચોમાસાને ધ્યાને લઈ જીવલેણ રોગનો ઉપદ્રવ થાય નહિ તે માટે પાણી ભરાતા હોય તેવી જગ્યાએ જંતુનાશક દવાઓનો છંટકાવ કરવો, ઉકત પ્રશ્નો અંગે સામાન્ય સભામાં ઉપસ્થિત વસાહતીઓ દ્વારા ઉગ્ર રોષ ઠાલવી પડતર પ્રશ્નોની સરકારમાં ઉગ્ર રજુઆત કરવા જણાવેલ અને જરૂર પડે તો લોક આંદોલન ચાલુ કરવા જેવી પણ ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

આ સામાન્ય સભામાં સર્વ સંમતિથી હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. મંડળના પ્રમુખ તરીકે કેશરીસિંહ બિહોલા, મહામંત્રી તરીકે જીતેન્દ્ર ત્રિવેદી, ખજાનચી તરીકે નરેશભાઈ પરમાર, ઉપપ્રુખ પદે ઈશ્વરભાઈ દેસાઈ, સાગરદાન ગઢવી, ઈશ્વરભાઈ પટેલ, મૂળસિંહ ચાવડા અને નારણભાઈ પરમાર, મંત્રી પદે બિપિન જાની, ધર્મેન્દ્ર પ્રજાપતિ, ઈકબાલ શેખ, એમ.આઈ. પટેલ અને માસંગજી મકવાણાની વરણી કરવામાં આવી હતી. તેમજ સંગઠન મંત્રી પદે બાબુભાઈ દેસાઈ, રાકેશ રાવલ, રમેશભાઈ ઠકકર, જગદીશભાઈ પટેલ, પ્રદિપસિંહ વાઢેર, અબ્દુલભાઈ શેખ, સલાહકાર માટે નટુભાઈ પટેલ, રામભાઈ પ્રજાપતિ, મહેન્દ્રભાઈ ભાવસાર તથા પ્રદિપસિંહ બિહોલા મહિલા પ્રતિનિધિ માટે પરાગી પંડયા, કુંતલબેન રાવલ, વિણાબેન રાજગોરની વરણી કરાઈ હતી.

## સઈજ ખાતે રંગ અવધૂત પરિવાર દ્વારા પાદૂકા પૂજન અને પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

શ્રી રંગ અવધૂત પરિવાર ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૪મી જુલાઈને ગુરુવારના રોજ સવારે ૭.૦૦ કલાકે સ્વ. હિરાભાઈ પટેલની પુણ્યતિથિ નિમિત્તે પાદૂકા પૂજન અને પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. સિધ્ધનાથ મહાદેવ સઈજ ખાતે દત્તબાવની હોલમાં પાદુકા પુજન, દત્ત બાવની પાઠ તથા રૂકમામ્બા સપ્તસતિ પાઠ યોજાશે. જેનો ભાવિકોને લાભ લેવા રંગ અવધૂત પરિવારના પ્રમુખ નવનીતભાઈ પાઠકે જણાવ્યું છે.

# ડભોડામાં ઘરે સ્ટીલની નળીમાં સંતાડેલો દારૂ પકડાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક સ્થિત ડભોડા ખાતે રેલવે સ્ટેશન નજીક દારૂ-બિયરનો વેપલો ચાલતો હોવાની બાતમીને આધારે ડભોડા પોલીસે દરોડો પાડીને દારૂ-બિયરનો જથ્થો પકડી પાડયો છે. અશોક સોલંકીને રસ્તામાંથી પકડી તપાસ કરતાં તેની પાસેથી બે બોટલ મળી આવી હતી. પુછતાછમાં જાણવા મળ્યું હતું કે તે સતીષ બિહોલાના ઘરેથી બોટલો લાવ્યો હતો જેના ઘરે સર્ચ કરતા સ્ટીલની નળીમાં સંતાડેલો રૂ. ૪૪૦૦ની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. દારૂ-બિયર જપ્ત કરીને અશોકની ધરપકડ કરી ફરાર સતીષ બિહોલાને પકડવા ચક્રો ગતિમાન કરવામાં





આવ્યા છે.

એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી અને ડીવાયએસપી વી.જે. પટેલના માર્ગદર્શન મુજબ ડભોડા પીએસઆઈ એન.એમ. ચૌધરીની ટીમે ડભોડા રેલ્વે સ્ટેશન પાસે ચાલતા દારૂ-બિયરના વેપલામાં સંડોવાયેલા બુટલેગરને ત્યાં દરોડો પાડયો હતો. બે બોટલ સાથે પકડાયેલા અશોક પરબત સોલંકીની પુછપરછ કરતા તે દારૂ સતીષ ભરત બિહોલાના ઘરેથી લાવ્યો હોવાનું ખુલતા સતીષના ઘરે ટીમે છાપો માર્યો હતો. ઘરમાં સર્ચ કરતા સતીષ ઘરે મળી આવ્યો ન હતો પરંતુ સ્ટીલની નળીમાં સંતાડેલી પાંચ વિદેશી દારૂની બોટલો તથા ૨૪ બિયરના ટીન મળી રૂ. ૪૪૦૦નો દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે મુદ્દામાલ સાથે અશોકની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી કરી સહ આરોપી સતીષ બિહોલાને પકડી પાડવા તજવીજ હાથ ધરી છે.

## ચંદ્રાલા ગામની ૧૮ વર્ષીય યુવતી ત્રણ દિવસથી લાપતા : ધણપ ગામમાંથી ૫૫ વર્ષીય ડ્રાઈવર બે સપ્તાહથી ગુમ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા ચંદ્રાલા ગામમાંથી ૧૮ વર્ષીય યુવતી સિતા અમરતભાઈ મકવાણા ૯મી જુલાઈએ બપોરે પોતાના ઘરેથી ગામમાં જવાનું કહીને નીકળી હતી. આજે ત્રણ દિવસ થઈ ગયા બાદ પણ તેણીનો કોઈ જ પત્તો મળતો નથી કે તે ઘરે પણ પરત ફરી નથી. પરિવારજનોએ સગા વ્હાલાઓને ત્યાં પણ તપાસ કરી પરંતુ મળી ન આવતા ચિલોડા પોલીસ મથકમાં જાણવાજોગ નોંધાવી છે. જમાદાર હિરાજીએ તપાસ શરૂ કરી છે.

બીજી તરફ ધણપ ગામમાં સાઢુના ઘરે રહેતા અને છુટક ડ્રાઈવીંગ કરતા ૫૫ વર્ષીય રમણભાઈ નાથાભાઈ ઠાકોર ગુમ થઈ ગયા હોવાની જાણવા જોગ ચિલોડ પોલીસ મથકે નોંધાવા પામી છે. રમણભાઈ ઠાકોર ૧લી જુલાઈએ બપોરે ઘરેથી ડ્રાઈવીંગ કરવાનું કહીને નીકળ્યા હતા આજે બે સપ્તાહ થઈ ગયા બાદ પણ તેમના કોઈ સગડ મળ્યા નથી. આ મામલે ચિલોડા પોલીસે જાણવા જોગ નોંધીને શોધખોળ માટેની તજવીજ શરૂ કરી છે.

## સમગ્ર ગુજરાત નાગર પરિષદ દ્વારા સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૨

સમગ્ર ગુજરાત નાગર પરિષદ મહામંડળ દ્વારા આગામી તા. ૧૭મી જુલાઈને રવિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે પ્રમુખના નિવાસસ્થાને કાર્યવાહક સમિતિની સંયુકત સભા યોજાશે. જેમાં ગત સભાની કાર્યનોંધનું વાંચન, આગામી સત્ર માટે હોદ્દેદારોની વરણી તેમજ અન્ય અગત્યના પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવશે. સભામાં પરીષદના તમામ સભ્યોને હાજર રહેવા જણાવાયું છે.

# શહેરીજનો શરદી, ઉધરસ અને તાવની ઝપટમાં

**ખાનગી અને સરકારી દવાખાના દર્દીઓથી ઉભરાયા, મીશ્ર વાતાવરણની વ્યાપક અસરો, તંત્ર પણ સાબદું**

ગાંધીનગર, તા.૧૨

ગરમી, ઠંડી અને ભેજ જેવા મિશ્ર વાતાવરણે હાલ કબજો જમાવી દીધો છે. સતત પલટાતા વાતાવરણે શહેરીજનોને માંદગીના બિછાને સુવડાવી દીધા છે. ખોરાક, પાણી થકી ઉત્પન્ન થતો રોગચાળો શરદી, ઉધરસ અને તાવ ઘેર ઘેર જોવા મળી રહ્યો છે. ઘરગથ્થુ ઉપચારથી કાબુમાં ન આવતો આ રોગ વ્યાપક બની જતા હાલ ખાનગી અને સરકારી દવાખાનામાં દર્દીઓની લાઈનો લાગી ગઈ છે. જો કે તંત્ર દ્વારા અગમચેતીના ભાગરૂપે સ્વચ્છતા અને દવા છંટકાવ જેવા પગલા લેવાનું શરૂ કરી દીધું છે છતાં પણ લોકોએ બિમારીથી બચવા ઉકાળેલા પાણીનો જ ઉપયોગ કરવા માટે ભાર મુકાઈ રહ્યો છે.

અતિશય ગરમી પછી થોડા સમય પહેલાં જ વરસાદી ઝાપટુ પડી જતાં વાતાવરણ બદલાઈ ગયું હતું. ત્યારબાદ અસહ્ય બફારાથી શહેરીજનો ત્રાહીમામ પોકારી ઉઠયા હતા. દરમિયાન સામાન્ય વરસાદી છાંટા સહિત વાદળછાયા વાતાવરણથી લોકો શરદી, ઉધરસ અને તાવ જેવી બિમારીમાં પટકાઈ પડયા છે. જેમાં વળી ઠંડા પાણી સહિત ઠંડા ખાદ્ય પદાર્થોનું સેવન પણ કારણભૂત મનાઈ રહ્યું છે. જો કે મિશ્ર વાતાવરણ થકી રોગપ્રતિકારક શકિતમાં ઘટાડો થતા તાવ જેવી બિમારી આવી જતી હોવાનું તારણ તબીબો કાઢી રહ્યા છે.

હાલમાં શહેરમાંના ખાનગી અને સરકારી દવાખાના શરદી, ઉધરસ અને તાવના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. શરીર ભાંગી નાખતી બિમારીથી લોકો પથારીવશ બની ગયા છે. તુલસી, ફુદીનો, આદુ જેવા ઘરગથ્થુ ઉપાયો પણ નિત્ય થઈ રહ્યા છે. છતાં સમયસર તબીબી સલાહ અને સારવાર મેળવી લેવા દર્દીઓ દવાખાને પહોચી રહ્યા છે. જો કે પલટાયેલા વાતાવરણમાં ઠંડા પીણા, આઈસ્ક્રીમ કે વાસી ખોરાક ન ખાવાની સલાહ તબીબો આપી રહ્યા છે. તેમજ ઉકાળીને જ પાણી પીવાનો આગ્રહ રાખવા ભારપૂર્વક જણાવાઈ રહ્યું છે. વર્ષોથી ચોમાસાની શરૂઆતમાં આ બિમારીનો પગ પેસારો રહ્યો છે ત્યારે સાવચેતી જ બિમારીનો બચાવ કરી શકે તેવું તબીબો જણાવી રહ્યા છે. હાલ શહેરના મેડીકલ સ્ટોર્સ તેમજ લેબોરેટરીઓ પણ ધમધમી ઉઠી છે. અને લોકો વિકસ કે તેની લગત હાથવગી દવા ઘરમાં જ ઉપલબ્ધ રહે તેવું આયોજન કરી રહ્યા છે. તો તંત્ર પણ રોગચાળા મામલે સાબદું બનીને ઠેર ઠેર સાફ સફાઈ અને દવા છંટકાવ કરી રોગચાળો વધે નહીં તેની તકેદારી રાખી રહ્યું છે.

